Tuesday
29.11.2022
*Volume :7 * Issue No.119
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગુજરાત કોંગ્રેસની સરકારમાં અસુરક્ષિત હતું : વડાપ્રધાન



કમલમ્ ન્યુઝ, ભાવનગર,

રાજયમાં વિધાનસભાની ચૂંટણીની હવે ઘડીઓ ગણાઈ રહી છે. પહેલી નવેમ્બરે પહેલા તબક્કાનું અને પાંચમી નવેમ્બરે બીજા તબક્કાનું મતદાન છે. ત્યારે ગુજરાતમાં પોતાની સરકાર બનાવવા તમામ રાજકીય પાર્ટીઓ ગામડે ગામડે સભાઓ ગજવી રહી છે. વડાપ્રધાને નેત્રંગ, ખેડા અને સુરતમાં જનમેદનીને સંબોધન કર્યું હતું. જયારે વડાપ્રધાને પાલીતાણા અંજારમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. પાલિતાણામાં વડાપ્રધાનની સભા પહેલાં કીર્તિદાન ગઢવીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. પાલીતાણામાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે પાલિતાણાએ રંગ રાખ્યો લાગે છે. હું સુરતથી આવી રહ્યો છું, ગઈકાલે સાંજે સુરતમાં મારી સભા હતી, નક્કી થયા પ્રમાણે એરપોર્ટથી મારે સભામાં જવાનું હતું. જેથી આખું સુરત રોડ પર ઊતરી આવ્યું હતું, નક્કી કર્યા વગર રોડ શો કર્યો. આપણું ગુજરાત વિકસિત બને, નવી ઊંચાઈઓને પાર કરે એની ચૂંટણી છે. હું જ્યા જાઉંત્યાં એકજ અવાજ, એક જ મંત્ર ફીર એકબાર... લોકોના મનમાં વારંવાર ભાજપ સરકાર લાવવાનું મન એટલે થાય છે કે વડીલોને ખબર છે પહેલાં દેશને કેવી રીતે વેરવિખેર કરી દીધો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એક કરવાનું બીડું ઉઠાવ્યું, રાજા-મહારાજાઓએ સ્પોર્ટ કર્યો. સૌથી પહેલાં ભાવનગરના મહારાજાએ દેશનો વિચાર કર્યો અને દેશની એકતા માટે રાજપાટ સમર્પિત કરી દીધું. રાષ્ટ્ર માટે આવડા મોટા ત્યાગની ભાવનગરે શરૂઆત કરી, આ ગોહિલવાડની ધરતીને સલામ કરૂ છું. આપણે સરદાર પટેલનું સ્ટેચ્યૂ બનાવ્યું, જેમ દેશની એકતામાં સરદાર પટેલનું યોગદાન હતું, તેમ રાજવી પરિવારોનું પણ યોગદાન હતું, જેથી જયાં સરદાર પટેલનું સ્ટેચ્યૂ છે ત્યાં જ રાજવી પરિવારનું મ્યુઝિયમ બનાવવાનું નક્કી કર્યુ છે. વડાપ્રધાને વધુમાં કહ્યુ કે, કોંગ્રેસની સરકારમાં ગુજરાત અસુરક્ષિત હતું. પહેલાં ગુજરાતમાં આંતરે દિવસે બોમ્બ ધડાકા થતા, છેલ્લાં ૨૦ વર્ષથી આ દુકાનો બંધ થઇ ગઈ. ભાજપની સરકારમાં ગુજરાત સુરક્ષિત થયું, વિકાસ થયો અને વેપાર વધ્યો. ગુજરાતમાં ગામડા અને શહેરમાં એકતાનું વાતાવરણ ભાજપની સરકારમાં થયું છે. આ કારણે જ કોંગ્રેસની વિદાય ગુજરાતમાંથી થઈ ગઈ છે. જો કોગ્રેસને ગુજરાતનો હિસ્સો બનવું હશે તો જાતિવાદ છોડવો પડશે, રંગ બદલવાનું છોડવું પડશે. એકતાનું પરિણામ સારું હોય, ખાલી તમે નર્મદાનું પાણી, સૌની યોજના જેવી તમામ યોજના લઈ લો, આ આપણી એકતાથી થયું છે. જેણે ૪૦-૪૦ વર્ષ સુધી ગુજરાતને તરસ્યું રાખ્યું તેના ખભે હાથ મૂકીને એક ભાઈ પદ માટે પદયાત્રા કરે છે, પરંતુ તેમને ક્યાં ખબર છે કે, ગુજરાતમાં તો એક લાખ વણઝારો વાવ ખોદે તોપણ તરસ છીપી જાય. જેની જોડે ફોટો પણ ન પડાવાય તેના જોડે યાત્રા કરવી એને ગુજરાત ક્યારેય નહીં સ્વીકારે. પી.એમ મોદીએ કહ્યું કે, ગુજરાતમાં ૧૩ લાખથી વધુ ખેડૂતો ટપક સિંચાઈથી ખેતી કરીને પાણી બચાવે છે .ખેડૂતોને વીજળી જોઈએ પણ બિલ મોંઘુ પડે છે. જેથી હવે આપણે ખેતરે ખેતરે સોલર પ્લાન્ટનું આયોજન કરી રહ્યા છીએ. દેશમાં ૮૫ ટકા ખેડૂતો નાના છે, પણ તોય તેમને અનેક યોજનાનો લાભ મળે છે. મોદી તમારા વચ્ચે મોટો થયો એને નાના ખેડૂતની ચિંતા થઈ તો પીએમ કિશાન યોજના લઈ આવ્યો. ભાવનગરમાં અઢી લાખ ખેડૂતોનાં ખિસ્સાંમાં ૫૧૦ કરોડ રૂપિયા પીએમ કિશાન યોજનાથી મળ્યા છે. ખેડૂતોને ઓછો બોજ આવે એ માટે અમે કામ કર્યુ. આપણા દેશને ખાતરની અછત છે, બહારથી લાવવું પડે છે, દુનિયાભરમાં ખાતર મોંઘુ થયું છે, પણ અમે સસ્તું આપીએ છીએ. સરકારને ખાતરની થેલી ૨૦૦૦માં પડે છે, અમે ખેડૂતને ૨૭૦ રૂપિયામાં આપીએ છીએ, યુરિયાની એક થેલીમાં ૧૬૦૦-૧૭૦૦ સરકાર ભરે છે, તમને ૨૦૦-૩૦૦માં મળે છે. હવે નેનો યુરિયા લાવ્યા છીએ, યુરિયાની એક થેલી બરાબર નેનોયુરિયાની એક બોટલ કામ કરે છે. અમે ખેડૂતનો ખર્ચો કંઈ રીતે ઘટે એ અંગે સતત વિચારતા હોઈએ છીએ. હું મુખ્યમંત્રી બન્યો ત્યારે લોકોમને કહેતાકે નરેન્દ્રભાઈ સાંજે વાળુ કરતી વેળાએ વીજળી મળે એવુંકરો. મેં કહ્યું, હું ૨૪ કલાક આપીશ, તો કોંગ્રેસિયા મારી મજાક ઉડાવતા હતા કે આ કોઈ દિવસ સરપંચ પણ નથી થયો અને સીએમ થઈ ગયો છે તો કેવા વાયદા આપે છે. આ વાયદાને મે પુરા કર્યા. આપણે જ્યોતિગ્રામ યોજના લાવ્યા અને ગુજરાતને અંધકારમાંથી બહાર લાવ્યા, આ ભાજપથી જ થાય, કોંગ્રેસથી નહીં. રોરો-ફેરીથી ટૂરિઝમને ફાયદો થયો, દેશનો કોઈ જૈન પરિવાર ન હોય, જે પાલિતાણા ન આવ્યો હોય. ૨૦૧૪ પહેલા કોંગ્રેસની સરકાર દિલ્હીમાં હતી ત્યારે ૬૦ ગ્રામપંચાયતમાં ઓપ્ટિકલ ફાઈબર નાખ્યું હતું, અમારી સરકારે ૮ વર્ષમાં ૩ લાખ ગ્રામપંચાયતમાં ઓપ્ટિકલ ફાઈબર નાખ્યું, ગામડે ગામડે વિકાસ થયો. ગુજરાતના હજારો યુવાનોને રોજગાર મળે છે, સૌરાષ્ટ્ર ઉદ્યોગોથી ધમધમી રહ્યું છે. ગુજરાતના લોકોને હિજરત કરીને બહાર જવું પડતું હતું, આજે આખો દેશ અહીં કમાવવા આવે છે. દુનિયાનું પહેલું સીએનજી ટર્મિનલ ભાવનગરમાં બનવા જઈ રહ્યું છે, જેથી હજારો યુવાનોને રોજગારી મળશે. આવતાં ૨૫ વર્ષમાં ગુજરાતને દુનિયાનું સૌથી શ્રેષ્ઠ રાજય બનાવવું છે, તમારે સાથ આપવાનો છે, તમારે અહીં કમળ ખીલતું રાખવાનું છે, તમારે તમામ બેઠકમાં ધ્યાન આપવું પડશે. તમારે દરેક પોલિંગ બૂથ પર વધુમાં વધુ મતદાન કરાવવાનું છે. તમારે મારુ અંગત કામ કરવાનું છે, ઘરે ઘરે જઈને વડીલોને પ્રણામ કરીને કહેવાનું છે કે આપણા નરેન્દ્રભાઈ આવ્યા હતા અને તમને નમસ્કાર કર્યા છે






## નીતિન ગડકરીએ કરી જાહેરાત, ટોલ ટેક્સના નવા નિયમો

કમલમ્ ન્યુઝ, નવીદિલ્હી

હાઈવે પર વાહન લઈને જતા હોવ તો તમારા માટે મહત્વના સમાચાર છે. જો તમે હાઈવે પર ગાડી લઈને જતા હોવ ને ટોલ ટેક્સને લઈને પરેશાન હોવ તો તમારે હવે ચિંતા કરવાની જરૂર નથી. નીતિન ગડકરીએ ટોલ ટેક્સ પર મોટી જાહેરાત કરી છે. જેની કરોડો વાહન ચાલકો પર અસર પડશે.

ગડકરીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૪ પહેલા દેશમાં ૨૬ ગ્રીન એક્સપ્રેસ વે બનશે અને આ સાથે જ ટોલ ટેક્સ માટે નવા નિયમો પણ જાહેર કરવામાં આવશે. અત્રે જણાવવાનું કે ગ્રીન એક્સપ્રેસ વે બન્યા બાદ ભારત રસ્તાઓના મામલે અમેરિકાની બરોબરીમાં આવી જશે. આ સાથે જ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ટોલ ટેક્સ વસૂલવા માટે નિયમો અને ટેક્નોલોજીમાં મોટો ફેરફાર થશે. સરકાર આવનારા દિવસોમાં ટોલ ટેક્સની વસૂલી માટે ૨ વિકલ્પ આપવા પર પ્લાન બનાવી રહી છે. જેમાં પહેલો વિકલ્પ કારોમાં જીપીએસ (GPS) પ્રણાલી લગાવવામાં આવી શકે છે. બીજો વિકલ્પ આધુનિક નંબર પ્લેટ સંબંધિત છે. હાલ જો કે તે માટે પ્લાનિંગ ચાલુ છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ માહિતી આપતા જણાવ્યું કે ટોલ ટેક્સ ન ભરવા પર કોઈ પણ પ્રકારની સજાની હાલ જોગવાઈ નથી. આ સાથે જ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આવનારા દિવસોમાં ટોલ ટેક્સની વસૂલી માટે ટેક્નોલોજીના ઉપયોગ ઉપર પણ ભાર મૂકવામાં આવશે. નીતિન ગડકરીએ વધુમાં કહ્યું કે હાલ તો ટોલ ન ભરવા પર કોઈ સજાની જોગવાઈ નથી. પરંતુ ટોલ સંલગ્ન એક બિલ લાવવાની તૈયારી થઈ રહી છે. હવે ટોલ ટેક્સ સીધો તમારા બેંક ખાતામાંથી કપાઈ જશે. આ માટે અલગથી કોઈ કાર્યવાહી નહીં થાય. નીતિન ગડકરીએ જણાવ્યું કેહવે ટોલ ટેક્સની ચૂકવણી નહીં કરવી પડે, કારણ કે તે સીધો તમારા ખાતામાંથી કપાઈ જશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ૨૦૧૯માં, અમે એક નિયમ બનાવ્યો કે કારો કંપની ફિટેડ નંબર પ્લેટ સાથે આવશે. આથી છેલ્લા ચાર વર્ષમાં જે પણ વાહનો આવ્યા છે તેના પર અલગ અલગ નંબર પ્લેટ છે.

# સિદ્ધપુરમાં ભાજપના ઉમેદવાર બળવતસિંહ રાજપૂતના સમર્થનમાં પાટીદાર સંમેલન યોજાયું







કમલમ્ ન્યુઝ,પાટણ

સિદ્ધપુર ખાતે પાટીદાર સમાજનું મહા સંમેલન પૂર્વ ઉપ મુખ્યમંત્રી નરહરી અમીનના અધ્યક્ષસ્થાને યોજાયું તેઓએ ભાર પૂર્વક જણાવ્યું કે પાટીદાર સમાજ હંમેશા ભાજપની પડખે ઉભો રહ્યો છે કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોને તેમજ વિવિધ યોજનાઓ થકી સમાજના વિવિધ વર્ગોને આપવામાં આવતા લાભો યાદ કરાવી સિદ્ધપુરમાં ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપૂતને જંગી બહુમતી જીતાડવા માટે અપિલ કરી હતી. ઉમેદવાર બલવંતસિંહે મહા સંમેલનને સંબોધતા જણાવ્યુ હતું કે મારી જન્મભૂમિ અને મારી કર્મભૂમિ સિદ્ધપુર છે હું તમારો છુ અને તમારાથી જ મારું અસ્તિત્વ છે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે ત્યારે સિદ્ધપુર નું પણ પ્રસ્તિત્વ જળવાઈ રહે અને સિદ્ધપુરના અવિરત વિકાસ માટે કમળને મત આપી મને વિજય બનાવશો. સંમેલનમાં ઉપસ્થિત સમગ્ર પાટીદાર સમાજે બે હાથ ઊંચા કરી ખાતરી આપવામાં આવી કે સમગ્ર પાટીદાર સમાજ આપની સાથે છે. સમગ્ર પાટીદાર સમાજ દ્વારા બળવતસિંહને ખાતરી આપવામાં આવી હતી કે સમગ્ર પાટીદાર સમાજ આપની સાથે છે તેવો બધાએ એકમત થઈ હુંકાર ભર્યો હતો. બળવતસિંહએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સભામાં રાજ્યસભા સાંસદ નરહરિભાઈ અમીન , સિદ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ કિરણભાઈ શાસ્ત્રી, પાટીદાર સમાજના દરેક ગામોમાંથી પધારેલ આગેવાનો, કાર્યકરો, તેમજ યુવા મોરચા સંગઠન, તાલુકા ભાજપ સંગઠન, શહેર ભાજપ સંગઠન અને યુવાનો, ભાઈઓ - બહેનો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ગીર સોમનાથ જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા ડાયરેકટર ઓફ પ્રોસીક્યુશના નેજા હેઠળ અધિવકતા પરીષદ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સહયોગથી સંવિધાન દિવસ નિમિત્તો બંધારણના હક્કો અને ફરજો વિષય ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું. આ સેમિનારનો પ્રારંભ રાષ્ટ્રગાન સાથે કરાયેલ અને જજ શ્રી કે. જે. દરજી સહીતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે વૈદમંત્રોચાર ઋષિકુમારો દ્વારા કરવામાં આવેલ તેમજ બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર સહિતનાને પુષ્પાંજલિ કરેલ હતી. આ તકે ડો.પંકજ રાવલે બંધારણના આમુખનું ગુજરાતી અને સંસ્કૃતમાં પણ સમૂહવાચન કરાવેલ હતું. કાયદાના તજજ્ઞ ડો. કે. જે. વૈષ્ણવ, જાદવભાઈ વાળાએ બંધારણના હક્કો અને ફરજો વિષય ઉપર ઊંડાણપૂર્વકના સમજણ આપેલ તેમજ એડિશનલ ડિસ્ટ્રીક જજ શ્રી કે. જે. દરજી એ પણ પ્રસંગોચિત પ્રવચનો આપેલ હતા. આ તકે વરિષ્ઠ અધીવકતા કીશોરભાઈ કોટક એ બંધારણના વિવિધ પાસાની ઊંડાણપૂર્વક સમજ આપેલ હતી. આ સેમિનારમાં હાજર રહેલ વકીલ મિત્રો, વિદ્યાર્થીઓ તેમજ ભાગ લેનાર જિલ્લા કાનુની સેવા સતા મંડળના અનિષભાઈ રાચ્છ સહીતના દરેકને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ શ્રી કે. જે. દરજી, જજીસ શ્રી જે. એસ. સુતરીયા, ચિફ. જ્યુડી. શ્રી એ. એ. રૂન્જા, સિવિલ જજ શ્રી સી. જી. દેસાઈ, શ્રી એમ. બી. પુરોહિત તથા તાલાલા કોર્ટના મુખ્ય જજ શ્રી એસ. આઈ. ચોહાણ સહિતના ન્યાયાધીશશ્રીઓ તથા જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા, મદદનીશ સરકારી વકીલો તેમજ જિલ્લાભરના આસિસ્ટન્ટ પોલીસ પ્રોસિક્યુટર તેમજ બાર એસો.ના પ્રમુખ, સંસ્કૃત યુનિવર્સિટીના ડો.પંકજભાઈ રાવલ, આચાર્ય નરેન્દ્રભાઈ, ઋષિ કુમારો, ક્રિસ્ટલ સ્કૂલના વિધાર્થીઓ અને વકીલ મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.આ કાર્યક્રમના અંતે આભાર વિધિ અધિવકતા પરિષદના જિલ્લા પ્રમુખ રાજુભાઈ રામે કરેલ જયારે અને સફળ સંચાલન એડવોકેટ જયેશભાઈ મેર તેમજ એ.જી.પી. જતીનભાઈ પાઠકેલ કરેલ હતું.

# પ્રાંતિજના ચંચળબા નગર ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



કમલમ્ ન્યુઝ, મનુભાઈ નાયી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ચંચળબાનગર ખાતે ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામા આવ્યો પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના ચંચળબાનગર નગર ખાતે શ્રી ગણપતિદાદા, શ્રી અંબાજીમાતા, શ્રી હનુમાન દાદા, શ્રી ભૈરવદાદા ની પ્રતિષ્ઠા મહોત્સવ ત્રિદિવસીય કાર્યક્રમ યોજાયો હતો જેમા હવન પુજા મહા આરતી સહિત ના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જયારે અજય કુમાર કુંજબિહારી મિશ્રા પરિવાર દ્વારા મુખ્ય યજમાન તરીકે લાભ લીધો હતો તો આ પ્રસંગે મહંત સુનીલ દાસજી મહારાજ તથા પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને હવન મહાઆરતી સહિત દર્શન નો લાભ લઈ પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી

# શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ સંચાલીત મહાજન નું મામેરૂ

**૨૬૧મી દિકરીના લગ્ન પ્રસંગે સંસ્થા દ્વારા કન્યાને રૂ.૧૧ હજારના બોન્ડ તથા વિવિધ દાતાશ્રીઓ ધ્વારા ભેટ અપર્ણ કરવામાં આવી.**



કમલમ્ ન્યુઝ,

મહાજન એટલે સમાજમાં નાનામાં નાના જન નું ધ્યાન રાખે તેને મહાજન કહેવાય. અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન માન. શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણા અને તેમના માર્ગદર્શન હેઠળ આવી જ એક ભુજ મધ્યે આવેલ સેવાના દરેક ક્ષેત્રે એક આગવી ઓળખ ધરાવતી સંસ્થા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ ધ્વારા સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાની આગેવાનીમાં સમાજના નાના માં નાના વ્યકિતનું ધ્યાન રાખીને અનેક સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિ કરે છે. આજ રોજ સામાજિક ઉત્તારદાયિત્વ નિભાવવાના ઉદેશ સાથે શ્રી ક. વી.ઓ. જૈન મહાજન ભુજ સંચાલીત મહાજન નું મામેરૂ યોજના અંતગર્ત આજરોજ ૨૬૦માં લગ્ન ભુજ નિવાસી શ્રી હરેશભાઈ ચાવડાની ની સુપુત્રી ચિ.કિંજલ સંગે ભુજ નિવાસી શ્રી નટુભાઈ ચૌહાણના સુપુત્ર ચિ.શિવમ્ સંગાથે સાજન મહાજન ની ઉપસ્થિતીમાં ધામધુમથી યોજાયા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યુ હતુ કે છેલ્લા બાર વરસથી અમારા વડીલ મુરબ્બી અનશનવ્રતધારી શ્રી તારાચંદભાઈ છેડા દ્વારા પ્રેરીત અને સંસ્થા દ્વારા સંચાલીત મહાજન નું મામેરૂ યોજના ગરીબ અને મધ્યમ વર્ગીય લોકો માટે પોતાની વ્હાલસોયી દિકરીના લગ્ન કરાવવા માટે આશીર્વાદરૂપ બની છે. છેલ્લા બાર વર્ષથી મહાજન નુ મામેરૂ યોજના શરૂ કરી છે ત્યારથી આજરોજ ૨૬૧મી દિકરીનુ મામેરૂ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે તેનો વિશેષ આનંદ છે. વધુમાં શ્રી જીગરભાઈ છેડાએ જણાવ્યું હતુ કે આજના મોંધવારીના જમાનામાં અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પોતાની વ્હાલસોયી દિકરીના લગ્નમાટે ઉંચાવ્યાજે રકમ લે છે અને દિકરીના લગ્ન પુરા થયા પછી માવિત્રો આખી ઝીંદગી વ્યાજ ભરવામાં પુરી થઈ જાય છે. ત્યારે અમારી સંસ્થા ધ્વારા સંચાલીત મહાજન નું મામેરૂ યોજનાનો લાભ લઈ અને દિકરીના લગ્નની મુંઝવણમાંથી મુકત થવા જણાવ્યુ હતુ. આજના આ લગ્ન પ્રસંગે નીચે પ્રમાણેના દાતાશ્રીઓ ધ્વારા કન્યાને વિવિધ ભેટ અપર્ણ કરવામાં આવી હતી. માતૃશ્રી લક્ષ્મીબેન જગશી ચાંપશી છેડા હસ્તે શ્રીમતી હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવાર અને સમપર્ણવાળા શ્રી ભાઈચંદ ભાઈ સ્વરૂપચંદભાઈ વોરા પરિવાર, શ્રીમતી જયોતિબેન ગીરીશભાઈ છેડા પરિવાર, શ્રી સોલયુશન હસ્તે શ્રીમતી નેહાબેન ટોપરાણી અને શ્રી કેતનભાઈ ચોથાણી પરિવાર, શ્રીમતી જયશ્રીબેન સુભાષભાઈ આઈયા પરિવાર, શ્રીમતી લક્ષ્મીબેન જમનાદાસઠકકર (હસ્તે કમલેશ જવેલર્સ) પરિવાર, શ્રી તુલસીભાઈ જોષી (ઓધવરામ ડેવલોપર્સ – ભુજ) પરિવાર, શ્રીમતી કસ્તુરબેન વિશ્રામભાઈ નારાયણજી ચંદે (પ્રકાશ એજન્સી– ભુજ ) પરિવાર, માતૃશ્રી નિલમબેન ગાંધી પરિવાર ભુજ, શ્રીમતી વીણાબેન એન. મહેતા પરિવાર ભુજ ,શ્રીમતી નયનાબેન એન. મહેતા પરિવાર ભુજ, શ્રી ઓધવજીભાઈ ચાંપશી પલણ (એચ.પી.ગેસ –નખત્રાણા) પરિવાર, શ્રી મનિષભાઈ મુળજીભાઈ ભાટીયા પરિવાર (નખત્રાણા), શ્રી અનિલભાઈ માવજીભાઈ જોબનપુત્રા પરિવાર (નખત્રાણા), શ્રી મહેશભાઈ કે.સોની(મહામંત્રી નખત્રાણા તાલુકા ભાજપ) (શ્રી વાધેશ્વરી જવેલ્સ,મેઈન બજાર નખત્રાણા),દેવીસર હાલે નખત્રાણા નિવાસી શ્રી ગંગારામભાઈ મનજી (શ્રી વાધેશ્વરી જર્વેલ્સ). આ પ્રસંગે મહાજનના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરી, સહમંત્રી શ્રી હીરેનભાઈ પાસડ, વિગેરેએ ઉપસ્થિત રહી નવ દંપતિને આર્શીવાદ અને ભેટ સોગાદ અપર્ણ કરી હતી. આ શુભ પ્રસંગે સંસ્થાના જનરલ મેનેજર અંકિત ગાલાએ સમગ્ર વ્યવસ્થા સંભાળ હતી. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી સંસ્થાના સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે કરી હતી.વિધી વિધાન શ્રી તુષારભાઈ જોષીએ કરાવ્યા હતા. ભોજનની વ્યવસ્થા શ્રી ભરતસિંહ સોનેગરાએ સંભાળી

# સાણંદમાં બાળવા હાઈવે પર અજાણ્યા વાહને એકિટવાને ટક્કર મારતાં ૧નું મોત થયું

કમલમ્ ન્યુઝ,સાણંદ



સરખેજ બાવળા હાઈવે પાસે આવેલા સાણંદના મોરૈયા ગામના પાટિયા પાસે હાઈવે પર જતાં અમદાવાદના એક્ટિવા ચાલકને અજાણ્યા ચાલકે અડફેટે લેતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ અંગે ચાંગોદર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર સાણંદ તાલુકાના મોરૈયા ગામના પાટિયા પાસે આવેલી ઈન્ટાસ કંપનીના ગેટ નજીક હાઈવે પર અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડ પર એક્ટિવા લઈ જતાં શુભમ હિતેષભાઈ પટેલ (રહે.ઉસ્માનપૂરા અમદાવાદ) ને અડફેટે લીધા હતા. જેમાં તેઓને શરીરના ભાગે ઈજાઓ થતા ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. અકસ્માત કરીઅજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. બીજી બાજુ અકસ્માતની ઘટના બનતા સ્થાનિક લોકો એકઠા થઈ જવા પામ્યા હતા. ઘટનાની જાણ ચાંગોદર પોલીસને થતા ઘટના સ્થળે પહોંચીને લાશને.પી.એમ માટે ખસેડી હતી. આ અંગે મૃતકના કાકા અમિતભાઈ જયંતિભાઈ પટેલએ ચાંગોદર પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે ફરાર અજાણ્યા વાહન ચાલકના વિરુદ્ધમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. સરખેજ બાવળા રોડ પર વારંવાર અકસ્માતનાની ઘટના સર્જાય છે. જેમાં નિર્દોષ લોકોનો જીવ પણ જાય છે.

# અરવલ્લી જિલ્લામાં રંગેચંગે થઈ ચુંટણીનું શરૂઆત



કમલમ્ ન્યુઝ,

વિધાનસભા સામન્ય ચુંટણીના ઢોલ વાગી ચૂક્યા છે અને આ વર્ષે તમામ લોકો મતદાન કરે તેવી વ્યવસ્થા ચુંટણી કમિશન દ્વારા વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ વખતે જે વૃદ્ધ કે દીવ્યાંગ મતદારો મતદાન મથકે જઈ મત ન આપી શકે તેવી પરિસ્થિતિમાં હોય તો એમના માટે ઘરે જઈ મતદાન કરાવવાની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. જેના ભાગ રૂપે આજે અરવલ્લી જિલ્લાના ઘણા કેન્દ્રો પર ટીમ મતદારોના ઘરે પહોંચી. યોગ્ય રીતે મતદારોને મતદાન કરી શકે તે માટે તાલીમબદ્ધ કર્મચારીઓ અને સ્ટાફ તેમના ઘરે પહોંચ્યા અને યોગ્ય માર્ગદર્શન અને નિયમો અનુસાર તેમને મતદાન કરાવવામાં આવ્યા.

# ડૉ ગુલાબ ચંદ પટેલ પટેલ ને સંવિધાન દિવસ પર મળ્યો ગ્લોબલ એચીવમેન્ટ ડૉ બી આર આંબેડકર એવૉર્ડ




કમલમ્ ન્યુઝ,

ગોપાલ કિરણ સમાજ સેવી સંસ્થા ગ્વાલિયર દ્વારા ઈંડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવેલ સંવિધાન દિવસ કાર્યક્રમમાં ગાંધીનગર ના સામાજીક કાર્યકર વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા, મહિલા ઓ માટે બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અભિયાન ચલાવનાર તથા વિદ્યાર્થીઓ માટે આત્મહત્યા નિવારણ કાર્યક્રમ યોજનાર હિન્દી ગુજરાતી કવિ લેખક અનુવાદક ની સેવાઓ ધ્યાનમાં લઈ ને ડૉ ગુલાબ ચંદ પટેલ અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય મંચ ગાંધીનગર ને ગ્લોબલ એચીવમેન્ટ ડૉ બી આર આંબેડકર એવૉર્ડ ડૉ સુનિલ કુમાર કેન્દ્રિય હિન્દી સંસ્થાન અમદાવાદ ના નિયામક, તથા ડી એફ ઓ મીના જી ચિતોડ ગઢ, શ્રી પ્રકાશ નિમ રાજે ગોપાલ કિરણ સમાજ સેવી સંસ્થા કે અધ્યક્ષ દ્વારા સમ્માન પત્ર પાઘડી અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમ માં એડવોકેટ શ્રી કાંતિ ભાઈ પટેલ અને રાજન ત્રિવેદી ગાંધી નગર ને પણ ગ્લોબલ એચીવમેન્ટ એવોર્ડ થી નવાજવામાં આવ્યા છે. ડૉ પટેલ ને ગોધરા ના શિક્ષક ધર્મેશ ભાઈ જોશી, શિક્ષિકા ચેતના બેન જોશી ભુજ, વર્ષા બેન વાઘેલા શિક્ષિકા વડોદરા, દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# તા. ૨૬ નવેમ્બર ને શનિવાર નાં રોજ ૧૮૦ - પારડી વિધાન સભા નાં ભાજપ નાં લોકપ્રિય ઉમેદવાર શ્રી. કનુભાઈ દેસાઈ જી નાં લોક સંપર્ક અનુસંધાને ભાનુહિલ્સ ખાતે શ્રી. કનુભાઈ દેસાઈ સાહેબ નું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ હતો.







સીમા ભટ્ટાચાર્ય, વલસાડ

શ્રી. કનુભાઈ દેસાઈ જી એ પ્રેરક ઉદબોધન કરેલ અને ભાજપ ને મત આપવા અને મોદીજી ને સમર્થન આપવા આહવાન કરેલ , લોક સંપર્ક માં ચુંટણી ઈન્ચાર્જ મિતેશ ભાઈ દેસાઈ , છરવાડા નાં સરપંચ યોગેશ ભાઈ પટેલ , ચૈતન્ય ભાઈ ભટ્ટ , લાલજી ભાઈ ભાનુશાલી , સામેલ હતા , સ્વાગત અને પરિચય વલસાડ જિલ્લા ભાજપ આર્થિક સેલ નાં સંયોજક મહેશ ભાઈ ભટ્ટે કરેલ , લોકપ્રિય ભાજપ નાં ઉમેદવાર શ્રી. કનુ ભાઈ દેસાઈ જી નું બાળાઓ દ્વારા કુમકુમ તિલક થી સ્વાગત કરવામાં આવેલ , ભાનુહિલ્સ પરિવાર સોસાયટી નાં પ્રમુખો દ્વારા પુષ્પ ગુચ્છ આપી શ્રી. કનુ ભાઈ નું સ્વાગત કરવામાં આવેલ , જીતુ ભાઈ બારોટ દ્વારા શ્રી. કનુ ભાઈ દેસાઈ જી નું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવેલ , તદ ઉપરાંત ભાનુહીલ્સ નાં પ્રણેતા મહેશ ભાઈ ભાનુશાલી અને યુવા ઉત્સાહીઓ વિપુલ ભાઈ પટેલ , દિવ્યેશ ભાઈ સુતરીયા , ભરત ભાઈ પટેલ , સંતોષ ભાઈ જયસ્વાલ , મનોજ ભાઈ , રાહુલ ભાઈ , કિરણ ભાઈ , ભરત ભાઈ ભાનુશાલી વિગેરે એ ખૂબ જહેમત કરી કાર્યકમ ને સફળ બનાવેલ . કાર્યકમ નું સંચાલન ભાજપ નોટીફાઈડ નાં મંત્રી સમીર ભાઈ ભટ્ટે કરેલ .

# અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ડૉ. ધવલ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં મતદાન જાગૃતિ અંતર્ગત અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે મેરેથોન દોડ યોજવામાં આવી

**લોકશાહીના આ ઉત્સવમાં તમામ નાગરિકો ઉત્સાહભેર ભાગ લે અને પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરે એ આપણે સુનિશ્ચિત કરવાનું છે : ડો.ધવલ પટેલ**











કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલે આજે અમદાવાદના રિવરફ્રન્ટ વલ્લભસદન ખાતે 'અવસર લોકશાહીનો' અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે યોજાયેલ મેગા મેરેથોન દોડને લીલી ઝંડી આપીને પ્રારંભ કરાવ્યો હતો. આ મેગા મેરેથોન દોડમાં આશરે ૧૫,૦૦૦ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લઈને 'રનફોર વોટ'ના સૂત્ર સાથે અચૂક મતદાનનો સંદેશ અમદાવાદના નાગરિકો સુધી પહોંચાડ્યો હતો. મેગા મેરેથોન દોડમાં વિવિધ શાળાઓના શિક્ષકશ્રીઓ, આચાર્યશ્રીઓ, સંચાલકશ્રીઓ, પોલીસ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ, સિવિલ ડિફેન્સ અને કલેકટર કચેરી સહિત વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીઓ અને નાગરિકો જોડાયા હતા. મતદાન જાગૃતિનો સંદેશ આપતા વિવિધ પોસ્ટર અને બેનર સહિત દોડવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મેગા મેરેથોન દોડ પ્રસંગે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી ડૉ. ધવલ પટેલે જણાવ્યું હતું કે, મહત્તમ લોકો મતદાન કરે તેની જાગૃતિ માટે આ મેગા મેરેથોન દોડનું આજે આયોજન કરવામાં આવ્યું છે. લોકશાહીના આ ઉત્સવમાં તમામ નાગરિકો ઉત્સાહભેર ભાગ લે અને પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરે એ આપણે સુનિશ્ચિત કરવાનું છે. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકો પોતાનો વોટ અવશ્ય કરે તેમજ અચૂકપણે મતદાન કરે એવો તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મતદાન જાગૃતિ અભિયાન - સ્વીપ (SWEEP)ના મુખ્ય નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિતભાઈ એમ. ચૌધરી દ્વારા મતદાનનું મહત્ત્વ સમજાવવા સાથે સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વીપના આસિસ્ટન્ટ નોડલ ડૉ. એમ.આર. કુરેશી દ્વારા ઉપસ્થિતોને ' હું ભારતના બંધારણને સાક્ષી માનીને શપથ લઉં છું કે, આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં હું કોઈ પણ ધર્મ, જાતિ, ભાષાના ભેદભાવથી દૂર રહીને અને કોઈ પણ રીતે પ્રલોભિત થયા સિવાય, અચૂક મતદાન કરીને લોકશાહીના આ અવસરને ઊજવીશ' શબ્દો સાથે અચૂક અને નિષ્પક્ષ મતદાનના સામૂહિક શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ, અમદાવાદ ગ્રામ્યના જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વાઢેર, શાસનાધિકારીશ્રી ડૉ. એલ.ડી. દેસાઈ, શ્રી આઈ.કે. પટેલ, નોડલ ઓફિસર શ્રી જે.કે. પટેલ, ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ અને યુથ નોડલ ઓફિસર ડો.યોગેશ પારેખ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી મધુબહેન મોદી અને શ્રી ડી. એચ અમીન દ્વારા કરવામાં આવ્યું હતું.

